chapter-1



# પ્રકરણ - ૧

# કલાધ્યાય

સત્ય, ઈષ્ટ અને દૈવી તત્ત્વ એજ કલાનું સૌંદર્ય,

-પૂજ્ય ગુરૂજી પ્રો. સુધીરકુમાર સક્સેના સાહેબ.

કલામાં એક ચોક્કસ પ્રકારનું સત્ય રહેલું છે. જે સત્યને સમજી મનુષ્ય ઈશ્વર પ્રાપ્તિ કરી શકે છે.

-પૂજ્ય ડો. આબાન મીસ્ત્રીજી.

કલા એટલે સમાજની પરિસ્થિતિનું પ્રતિબીંબ, સમાજના ઉધ્ધારનું સાધન.

-પૂજ્ય પિતાશ્રી અમૃતલાલ ભાવસાર.

કલાએ સંસ્કૃત ધાતુ 'ક્લ' (જણાવું) પરથી થયેલો શબ્દ છે. જેનો અર્થ જ્ઞાન અથવા જાણવાની વસ્તુ એવો થાય છે. તેથી સામાન્ય પણે કલા એટલે ચાતુર્ય અથવા ચાતુર્યથી કરવાના કામ એવો અર્થ થઈ શકે.

કલા એટલે શું ? આ પ્રશ્ન અનેક મતમતાંતરથી ભરેલો છે. કલાનો જન્મ ક્યારે,ક્યાં અને કઈ રીતે થયો તે કહેવું મુશ્કેલ છે. પરંતુ એવું અનુમાન કરી શકાય કે જયારે મનુષ્ય પોતાની જાતે સ્વતંત્ર રીતે વિચારવા લાગ્યો હશે ત્યારે કલાનો ઉદ્‌ભવ થયો હશે. બીજા અર્થમાં કહીએ તો બુધ્ધિ,હૃદય અને ક્રિયાની એકવાક્યતા થાય અને જે સર્જન થાય તેને કલા કહેવામાં આવે છે.

કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે :-

પ્રસિધ્ધ અંગ્રેજી **કવિ શૈલીના** પ્રમાણે...

...'કલ્પનાઓને અભિવ્યક્ત કરવી એજ કલા છે.'

**ટોલ્સટોયના** શબ્દોમાં 'કલા માનવીય ચેષ્ટા છે.'

**રવીન્દ્રનાથ ટાગોર** કહે છે. 'જે સત્ છે,જે સુંદર છે, તે જ કલા છે.'

**ઉપનિષદોનું** કહેવું છે કે 'વાસ્તવમાં ઈશ્વર એક કલાવિદ્ અને આ સૃષ્ટિ જ એક કલા છે.'[૧]

કલાની એવી વિશેષતા છે કે જેના કારણે તેની લોકપ્રિયતા બની રહી છે. તથા કલાએ દરેક દેશ તથા સભ્ય સમાજની ઉચ્ચતાનો ખ્યાલ આપે છે. કલાએ માનવની ચિરસંગિનિ છે. જયારથી માનવનું પૃથ્વી પર અવતરણ થયું ત્યારથી કલાનો ઉદ્‌ભવ થયો.માનવના વિકાસથી જ કલાનો વિકાસ થયો. કલાને સમાજનું દર્પણ માનવામાં આવે છે. તેથી જ વિદ્વાનો કહે છે કે..

**થિયોફિલ ગોટિયરએ કહ્યુ છે કે :-**

'બધીજ ચીજ નષ્ટ પામે છે, ફકત મહાન કલા જીવીત રહે છે. નગર વિધ્વંસ થઈ

જાય છે. પરંતુ મૂર્તિ નહિ' તેથી જ આપણે સિન્ધુ તથા હડપ્પા સંસ્કૃતિને તેની કલા દ્વારા આજે પણ સમજી શકીએ છીએ.[૨]

**રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે :-**

કલાનું ક્યારેય મૃત્યુ થતું નથી કલાએ નિરંતર વિવિધ સ્વરૂપોમાં અખંડિત રહે છે. કલાએ લોક-કલ્યાણની ભાવનાથી પરિપૂર્ણ થઈને પરમાત્માના મિલનનો માર્ગ બતાવે છે. તેથી કલાને માનવીની ચિરસંગિનિ કહેવી વધારે ઉચિત છે. તથા ટાગોરના કહેવા પ્રમાણે 'માનવ હૃદયના ભાવોની અભિવ્યક્તિ જ કલા છે.[૩]

**જહોન રસ્કિનના મત પ્રમાણે :-**

પ્રત્યેક મહાન કલા ઈશ્વરીય કૃતિની જેમ માનવીય અલ્હાદની અભિવ્યક્તિ છે.'[૪]

**ટોલ્સટોયના મત પ્રમાણે :-**

'શબ્દ વિચારના વાહક હોય છે. અને કલા ભાવનાની વાહિકા છે.[૫]

**અરસ્તુના મત પ્રમાણે :-**

'કલાકાર કલા માટે સારા ગુણોની નકલ કરી પોતાની ભાવનાઓ તથા અનુભૂતિઓનો સમાવેશ કરે છે.જેનાંથી તેમાં સજીવતા નીરખે છે.'[૬]

Art is a play urge or an arriving Force

કલાકાર વગર ભાવના કશું કરી શકતી નથી કારણ કે ભાવનાઓ વગર રચાયેલી કૃતિ કલા નથી કહેવાતી. કલાકાર જે પણ કંઈ બતાવે છે. તે તેની આત્મજાગૃતિ હોય છે. કલાકાર જે ભાવનાઓને અભિવ્યક્ત કરે છે. તેમાં સૌદર્ય પૂર્ણ રચનાની કલ્પના હંમેશા જાગ્રત રહે છે.

**એમર્સન કહે છે કે :-**

'કલાની નિષ્પતિ થતા કલાકારને જેવો આનંદ થાય તેવો આનંદ તેટલી જ ઉર્મિથી તેના જોનારામાં કે સાંભળનારામાં પ્રગટે અને ગરીબ તેમજ તવંગરને એક સાથે લાગે કે એ આનંદરસ તેમને કોઈ ઉચ્ચજીવન અને આત્મજાગૃતિ તરફ ખેંચી રહયો છે. કલાની વ્યાખ્યા માત્ર ચિત્રમાં,શિલ્પમાં,

શોભામાં કે ઝવેરાતમાં બાંધી રાખેલ નથી. એ તો એક એવા પ્રકારની માનવવૃતિ છે કે જે દરેકમાં હોય છે. અને તેને વિકસાવી શકાય છે. અને ખરેખર તો જીવનમાં પ્રત્યેક પ્રસંગમાં તેનો વ્યવહાર થાય છે. વ્યક્તિ અને સમાજના જીવનમાં કલા અનાદિકાળથી મહાન પ્રેરક બળ બની રહી છે. તથા શિક્ષણ નિષ્ણાંતો તેને હજી હમણાંજ સ્વિકારતા થયા છે. ચીન,ગ્રીસ અને ભારતભૂમિની જનતા ગરીબ કે તવંગર વ્યકિતઓ એ તેનો લ્હાવો લીધો છે, અને વખતો વખત સુંદર કલાકૃતિઓને સર્જી યુગાંતર સુધીનું અમરત્વ મેળવ્યુ છે. કલા અર્થાત્ જેને જોતા કે સાંભળતા તથા સર્જન કરતા હૃદયનો આનંદ પ્રાપ્ત થાય તેને કલા કહેવામા આવે છે. ચાહે તે ચિત્રકલા હોય, સ્થાપત્યકલા હોય, વસ્તુકલા હોય કે પછી કવિતા હોય.

તેથી એવું કહી શકાય કે કલાનું ઉદ્‌ગમ સૌદર્યની મૂળભૂત પ્રેરણાથી થયું. પ્રકૃતિનું રમણીય દૃશ્ય જોકે સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરે માનવ મનને આનંદથી ભરીદે છે. આવા દૃશ્ય પોતે ઉત્પન્ન કરે અથવા નિર્માણ કરે તેવી ઈચ્છા મનુષ્યના મનમાં જાગ્રત થઈ. મનુષ્યની અનેક શિલ્પ તથા રચનાત્મક પ્રવૃતિના ફળસ્વરૂપે અનેક શિલ્પ તથા કૌશલનો જન્મ થયો. કોયલ સ્વરૂપે તેને સંગીતની પ્રેરણા આપી. અતઃ એવુ કહેવાય કે જયારે અદૃશ્ય, અવ્યક્ત્ અને આધ્યાત્મિક અનુભૂતિઓને દૃશ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવે ત્યારે તેને કલા કહે છે. કલાના નિર્માણમાં કલાકારને એક વિશિષ્ટ આનંદની ઉપલબ્ધિ થાય છે. આજ 'આનંદ–દાન' કલાનો ઉદ્દેશ છે.

**विश्रानिर्यत्र संभोगे सा कला ना कला मता ।**

**लीयते परमानन्दे ययात्मा सा कला मता ।।** (૭)

કલાનું લક્ષ કલા કદી નથી. પરમતત્ત્વ પ્રત્યેનું ઉન્મુખીકરણ અથવા આત્મસ્વરૂપ સાક્ષાત્કાર એજ કલાનું લક્ષ્ય છે. જેની વિશ્રાંતિ ભોગમાં છે તે કલા બંધનરૂપ છે, પણ જે પરમત્ત્વ તરફ લઈ જાય છે. તે કલાજ 'કલા' છે.

**કલાના પરમતત્ત્વનું વર્ણન કરતા પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે :-**

- કલામાં એક ચોક્કસ પ્રકારનું સત્ય રહેલું છે. આ સત્ય એટલે કલાકારે પ્રથમ મેળવેલી મૌલિક આંતરદૃષ્ટિ. આ આંતરદૃષ્ટિ ને લોકો કલાકારના પગલે ચાલીને લગભગ કલાકારના જેટલી જ પ્રાપ્તિ કરી શકે. વિજ્ઞાનની પરિસ્થિતિ વિશેના સત્યના કરતા કલાનું સત્ય વિશિષ્ટ પ્રકારનું છે.

**(થીઓડોર ગ્રીન)**

- મહાન કલા તો સત્ય અને ચેતનાની સાધના દ્વારા જ સર્જાય શકે.

**(ચીંગહાઓના)**

- કલા એટલે સર્જકની શોધ દ્વારા કુદરતનો થયેલો પુર્નજન્મ.

**(હેગલ)**

- ભાવનાલક્ષી જ્ઞાનનો પ્રકાર અથવા ઇચ્છાની સ્વભાવગત મૂર્તિમંતતા એટલે કલા. કલા એટલે મનુષ્યની બુધ્ધિનું સર્વોતમ સર્જન અને જ્ઞાનનું પરમરૂપ ભાવનાના જ્ઞાનમાંથી કલાનું સર્જન થાય છે. અને કલાનો મુખ્ય હેતુ આ જ્ઞાન ફેલાવવાનો છે.

**(શોપેન હાવર)**

- When all the knowledge, skill and passion of mankind are poured in to an acknowledgement of something greater than the themeselves, then that acknowledgement is ART.

અર્થાત્ :- માનવજાતના સમગ્ર, જ્ઞાન, ઊર્મિઓ અને કુશળતાની વિશેષ ઓળખ એટલે કલા.

**(એ. ક્લૂટન બોક)**

- કલા એ સાધના નથી પણ સાધ્ય છે. કલા સ્વતંત્ર છે.

**(ગોટિયે)**

- કલા ને જો એક ક્રિડા ગણવામાં આવે તો એ જીવનથી વિમુખ બની જાય છે. કલાના બે હેતુઓ છે. જીવનની સમૃધ્ધ ભાવનાઓના અનુભવ કલા દ્વારા થઈ શકે છે, તેમજ સાથે સાથે તંગ

લાગણીઓની પીડામાંથી મુક્તિ પણ મળે છે. 'કલા મનુષ્યનાં દુ:ખ હળવા કરી નાખે છે. અને એના આનંદને ઉત્કૃષ્ટ બનાવે છે.'

(હર્ન)

• The highest menifestation of communal life in man is Art or the pleasure me takes in being what he is :

અર્થાત્ :- કલા મનુષ્યના સામાજીક જીવનનું ઉત્કૃષ્ટતમ પ્રકાશન છે.

(વાગનર)

● કલા એટલે લાગણીની રજુઆત, કલ્પનાની એક શુધ્ધ અને ચેતનાવંત પ્રવૃતિ કલામાં કલ્પનામય નિર્દોષતા સમાયેલી છે.

(ક્રોચ)

● કલા એટલે મનુષ્યના આનંદ અને મહેનતની રજુઆત.

(મોસીસ)

Goethe called Art as "The magic of soul" and carlyle said that Art is "The Disimprisoned soul of fact".

અર્થાત્ : - <u>ગોથે</u> ના મતે ' આત્માનો જાદુ એટલે કલા'

<u>કાર્લાઈલ</u> ના મતે ' હકીકતથી મુક્ત આત્મા એટલે કલા'

● કલા એટલે આનંદ - પ્રદ ભ્રમ કપટ નહી.

(સંત ઓગસ્ટાઈન)

● ઉપયોગિતા એજ કલાનું સૌંદર્ય છે.

(સોક્રેટીશ)

● કલા એ માત્ર આનંદ પ્રમોદનું સાધન નથી પરંતુ આત્મશુધ્ધિ અને સમતુલા મેળવવા માટેનું

સાધન છે. કલા લાગણીઓનો ઉભરો ઠાલવવાનું એક મહત્ત્વનું સાધન છે.

(એરિસ્ટોટલ)

● કલાકાર પણ એક પ્રકારનો ધર્મગુરૂ હોવો જોઈએ કારણ કે કલાનો મુખ્ય હેતુ ઈશ્વર પ્રત્યે પ્રેમભાવના ઉત્પન્ન કરાવવાનો છે.

(લીઓનાર્ડો ડા. વીન્સી )

● મહાન કલા એટલે ઈશ્વરે સર્જેલી મહાન વ્યકિતઓના માનસની રજૂઆત

(રસ્કિન)

● કોઈપણ દેશની કલાએ દેશના સામાજિક અને રાજકીય ગુણોનું પ્રતિનિધિત્ત્વ ધરાવે છે.

(રસ્કિન)

● જગત એટલે સર્વાંગ સંપૂર્ણ કલા અને અનંત સૌંદર્યના રૂપમાં રહેલા ઈશ્વર; દુનિયા નો ઈતિહાસ એટલે જગતાત્માએ રચવા ધારેલુ એક મહાકાવ્ય. કલા એટલે માત્ર કલા નહિ પરંતુ સમસ્ત જગત એટલે કલાનું રૂપ હું એવો અર્થ કરુ છું. અને કલાનું તત્ત્વજ્ઞાન એટલે કલા શકિત રૂપે સૃષ્ટિવિજ્ઞાન.

(શેલીંગ)

ઉપરોક્ત પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યો હતા, પરંતુ સમગ્ર ભારત વર્ષમાં કલાને દરેક સમયે, દરેક સૈકાઓમાં અલગ અલગ રીતે જોવા તથા આદર આપવામાં આવ્યો છે. ભારતીય સમાજના દરેક વર્ગોમાં સંસ્કૃતિ સાથે-સાથે કલાનો વિકાસ થયો છે. તથા કલાની સાથે-સાથે સંસ્કૃતિનો વિકાસ થયો છે. તેવું કહેવામાં અતિશયોક્તિ ન કહેવાય.

ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ એ છે કે આતિથ્ય, સંસ્કારોનું સિંચન,લાગણી તે દરેક ભારતીયના સંસ્કાર છે. સાથે-સાથે કલાને આદર આપવો તથા તેને સન્માનની ભાવનાથી જોવાની દ્દષ્ટિ ભારતવર્ષમાં પ્રાચીન કાળથી આજ સુધી જોવા મળે છે. સાથે કલાનો ઉતાર ચઢાવ પણ જોવા મળે છે.અર્થાત્ સિંધુ સંસ્કૃતિમાં શિલ્પ-સ્થાપત્યનું પ્રાધાન્ય, મોગલકાળમાં ચિત્રકલા અને

સંગીતનું આગવું સ્થાન તેવી જ રીતે મૌર્ય-ગુપ્ત, બૌધ્ધકાળ 'માં કલાનું મહત્ત્વ જોવા મળે છે. ફરક માત્ર એટલોજ છે કે ક્યારેક સંગીત, ક્યારેક ચિત્ર, ક્યારેક શિલ્પ તો ક્યારેક સાહિત્યનું મહત્ત્વ જોવા મળે છે. દરેક કાળમાં કલા પર પ્રદેશોની રાજનૈતિક,સ્થાનીય તથા પ્રદેશવર્તી સંસ્કૃતિની છાપ જોવા મળે છે. દુનિયાભરમાં ભારતનું સ્થાન સંસ્કૃતિ અને કલા માટે ઉચ્ચ અને મોખરે છે. તેથી તેવું કહી શકાય કે કલાનો જન્મ ભારતમાં થયો અને તેને ઉચ્ચસ્થાન પણ ભારતમાં મળ્યું.

કારણ કે એમ કહેવાય છે કે પ્રાચીન ભારતમાં કોઈપણ પુરૂષને રાજ્યસભા અને સહૃદય ગોષ્ઠિઓમાં પ્રવેશ મેળવવા માટે કલાનું જ્ઞાન આવશ્યક હતું. એના માટે પોતાનો અધિકાર સિધ્ધ કરવો પડતો હતો. કલા મર્મજ્ઞ થવા માટે અમુક કલાઓનો અભ્યાસ કરાવવામાં આવતો હતો કેવળ શારીરિક અનુરંજન જ કલાનો વિષય ન હતો પણ માનસિક અને બૌધ્ધિક વિકાસને પણ લક્ષમાં રખાતો.

માનવજાતનાં ઘડતરમાં ઉપયોગી વિવિધ કલાઓની સૂચિઓ 'શુક્રનીતીસાર વાત્સ્યનમુની કૃત કામસૂત્ર'માં કલાના ચોસઠ પ્રકારો દર્શાવ્યા છે. બૌધ્ધ ગ્રંથોમાં કલાના ચોર્યાસી પ્રકાર અને જૈન ગ્રંથોમાં બોંતેર પ્રકારની કલાનો ઉલ્લેખ છે.[૨૫] તે વખતે તમામ પ્રકારની સુકુમાર અને બુધ્ધિમૂલક ક્રિયાઓ કલા કહેવાતી હતી તેથી કદાચ સંખ્યા મર્યાદિત નહિં હોય. વેદો તથા ઉપનિષદોમાં ચોસઠ પ્રકારની કલાનો ઉલ્લેખ જોવા મળે છે. શાસ્ત્રોમાં જે ચોસઠ પ્રકારની કલાનું વર્ણન કર્યુ છે. તે નીચે પ્રમાણે છે.

(૧). ગીત

(૨). વાદ્ય

(૩). નૃત્ય

(૪). નાટય

(૫). આલેખ્ય (ચિતરવું)

(૬). વિશેષકરબેધ (તિલક નો સંચો બનાવવો)[૮]

(૭). તંદુલકુસુમાવિલાવિકાર (ફૂલો તથા ચોખાનો ચોક પૂરવો)

(૮). પુષ્પાસ્તરણ (ફૂલોની સેજ બનાવવી)

(૯). દશનવસનાંગચગ (દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી)

(૧૦). મણિભૂમિકાકર્મ (ઋતુને અનુકૂળ ઘર ચણવું)

(૧૧). શયન રચના (પલંગ બિછાવવો)

(૧૨). ઉદકવાદ્ય (જલતરંગ બજાવવું)

(૧૩). ઉદકઘાત (ગુલાબદાની વાપરવાની વિદ્યા)

(૧૪). ચિત્રયોગ (અવસ્થા પરિવર્તન એટલે કે જુવાનને બુઢ્ઢો અને બુઢ્ઢાને જુવાન બનાવવો)

(૧૫). માલ્યગ્રંથન વિકલ્પ (માળા ગુંથવી)

(૧૬). કેશ શેખરા પીડયોજના (શિખર(માથાના વાળમાં) પર ફૂલ ગુથવું)

(૧૭). નેપથ્ય યોગ (દેશકાળ અનૂસાર વસ્ત્ર,આભૂષણ વગેરે પહેરવા)

(૧૮). કર્ણચિત્ર ભંગ (કાને પહેરવા માટે કર્ણફૂલ વગેરે આભૂષણ બનાવવા)

(૧૯). ગંધયક્તિ (સુગંધી પદાર્થ)

(૨૦). ઈંદ્રજાલ (જાદુગરીનો પ્રયોગ)

(૨૧). કોચમાર યોગ (કદરૂપાને સુંદર બનાવવું)

(૨૨). ભૂષણ યોજના (ઘરેણા પહેરાવવાની પધ્ધતિ)

(૨૩). હસ્ત લાઘવ (હાથની ચાલાકી)

(૨૪). ચિત્ર્શાકપભક્ષ્ય વિકારક્રિયા (અનેક જાતના શાક તથા માલપુવા બનાવવા)

(૨૫). પાનક રસરાગા (સવર્યોજન બનાવવા)

(૨૬). સુચિકર્મ (સિવવું)

(૨૭). સૂત્રકર્મ (સિવણકામ)

(૨૮). પ્રહેલિકા (બીજાને બોલતા બંધ કરવા ગુંચવણ ભરેલા પ્રશ્નો કરવા) [૭]

(૨૯). પ્રતિમાલા (અંત્યાશરી કહેવી)

(૩૦). દુર્વાચકયોગ (કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા)

(૩૧). પુસ્તકવાચન (સ્પષ્ટ રીતે વાંચન)

(૩૨). કાવ્ય સમસ્યા પુર્તિ (કાવ્યની પદપૂર્તિ)

(૩૩). પટ્ટિકાવેગણ વિકલ્પ (દોરી કે નેતર કેન ભરવું)

(૩૪). નાટિકાખ્યાતિકા દર્શન (નાટક જોવુંને બતાવવું)

(૩૫). તક્ષણ (સુતાર તથા કડિયાનું કામ)

(૩૬). તક્ષક મણિ (સોના ચાંદી, રત્નોની પરીક્ષા)

(૩૭). વાસ્તુવિદ્યા (ઘર બનાવવું)

(૩૮). રૂપયરત્ન પરીક્ષા (સોના ચાંદી, રત્નોની પરીક્ષા)

(૩૯). ધાતુવાદ (કાચી ધાતુ સાફ કરવી)

(૪૦). મણિરાગ જ્ઞાન (રત્નોના રંગ જાણવા)

(૪૧). આકાર જ્ઞાન (ખાણની વિદ્યા)

(૪૨). વૃક્ષોયુર્વેદયોગ (વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધી)

(૪૩). મેષ કુકકુટ લાવક્યુવિધી ( મરઘાં,કુકડા,લાવક વિગેરેને લડાવવાની ક્રિયા)

(૪૪). શક સારિકા આલાપન (પોપટ, મેના પઢાવા)

(૪૫). ઉત્સાહન (શરીર ચોળવું)

(૪૬). અક્ષરમુષ્ટિકા કથન (કરપલ્લવી)

(૪૭). કેશ માર્જન (કેશળ તથા વાળ ઓળવા તથા તેલ નાખવું)

(૪૮). કલેચ્છિત કલા વિકલ્પ (વિદેશી ભાષા જાણવી)

(૪૯). દેશી ભાષા જ્ઞાન (પ્રાકૃતિક બોલીઓ જાણવી)

(૫૦). પુષ્પશકર્યિનમિત્તજ્ઞાન (વાદળ ગાજવા,વિજળી વગેરે દેવી લક્ષણોની આગાહી કરવી)[૮]

(૫૧). યંત્ર માતૃકા (યંત્ર નિર્માણ)

(૫૨). ધારણ માતૃકા (સ્મરણ શક્તિ વધારવી)

(૫૩). પાઢય (કોઈ ને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે બોલવું)

(૫૪). માનસી કાવ્યક્રિયા (મનમાં કાવ્ય કરીને શીઘ્ર કહેવું)

(૫૫). ક્રિયા વિકલ્પ (ક્રિયાનો પ્રભાવ બદલવો)

(૫૬). છલિતકયોગ (છળ કે ધૂર્તતા કરવી)

(૫૭). અભિધાનકોષ (છંદોનું જ્ઞાન)

(૫૮). વસ્ત્રોગોપાન (વસ્ત્રોની રક્ષા કરવી)

(૫૯). ધૃતવિશેષ (જુગાર રમવો)

(૬૦). આકર્ષક ક્રિડા (પાસા વિગેરે ફેંકવા)

(૬૧). બાળક્રિડા કર્મ ( બાળકો રમાડવા)

(૬૨). વૈનાયકી વિદ્યાસાન (વિનય,શિષ્ટાચાર, ઈલ્મ વિગેરે કરવાં)

(૬૩). વૈજયિકી વિદ્યાજ્ઞાન (જય મેળવવા માટેની તાલીમ જેમકે શિકાર,લશ્કરી તાલીમ)

(૬૪). વૈતાલિકી વિદ્યાસન (રાગ,પાદ્ય,નાડી પારખવું,ન્યાય કરવું,તેતરવું,અને ચોરી કરવી)[૮]

કલાએ મનુષ્ય જીવનનું એક એવું રહસ્ય છે. જેને આજ સુધી કોઈ સમજાવી શક્યું નથી અથવા તો સમજી શક્યું નથી. કારણ કે અહિં કવિની કવિતામાં કલ્પના, ચિત્રકારની ચિત્રમાં કલ્પના, મૂર્તિકારની શિલ્પમાં કલ્પનાં, સંગીતકારનું સ્વરોનું ગુંથણ ગમે તે હોય; પરંતુ જયારે કોઈપણ માણસને પૂછવામાં આવે કે કલામાં એવુ તે શું છે કે આપણને તે મોહિત કરે છે. ત્યારે તે માનવ જવાબ આપશે કે 'ફક્ત કલાકાર પોતાની કલાને રજૂ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. અને કલા ચાહક તેને સમજી ગ્રહણ કરીને આનંદ પ્રાપ્ત કરે છે. હજી સુધી કોઈ સમજી શક્યું નથી કે મનુષ્યના જીવનમાં આનું રહસ્ય શું છે. છતા કલાએ મનુષ્ય જીવનનું એક એવું પાસુ છે કે જેની સાથે દરેક માનવ

કોઈને કોઈ રીતે સંકળાયેલો રહે છે. તેથી કલાને ઈશ્વરીય-અંશ કહેવામાં આવે છે. કારણ કે કલાનું માધ્યમ જ ફક્ત એવું છે કે મનુષ્ય કોઈ પણ મુશ્કેલીમાં હોય કે પછી સહનશીલતા ગુમાવી ચુક્યો હોય ત્યારે તેને કાં તો ભગવાનનું સાનિધ્ય લેવું પડે કાં તો કલાનું સાનિધ્ય લેવું પડે.

અને વળી આપણે તો આના સાક્ષી છીએ કે જ્યારે આપણા દેશ પર અંગ્રેજોનું શાસન હતું ત્યારે તેઓને અહિંથી હાંકી કાઢવા માટે તથા દેશના પ્રત્યેક નાગરિકમાં દેશ પ્રત્યેની લાગણીઓ પેદા કરવા માટે આપણા કલાકારોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. જેમાં ચિત્રકારોએ ચિત્રો દ્વારા, શિલ્પીઓએ શિલ્પો દ્વારા,કવિઓએ કવિતાઓ દ્વારા અને સંગીતકારોએ સંગીત દ્વારા આ દેશના પ્રત્યેક નાગરિકોને આહ્વાન કર્યું હતું. આતો આપણા જ દેશનો સાક્ષાત ઈતિહાસ છે.

કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે કલાએ માનવ નિર્મિત છે. ગમે તે હોય પરંતુ કલામાં ઈશ્વરીય અંશ છૂપાયેલો છે. જેના કારણે કલા ચાહે તો દેશ,સમાજ,સંસ્કૃતિ તથા સભ્યતાને બદલી શકે છે. આપણા વિદ્વાનોએ મુખ્ય ચોસઠ પ્રકારની કલાઓનું વર્ણન કર્યું છે. જે વિશે ચર્ચા કરવામાં આવી છે. આ ચોસઠ પ્રકારની કલામાંથી લલિત કલા ને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. લલિત કલા અર્થાત્ જે નીતનવી હોય તેને લલિત કલા કહે છે. ઉદાહરણ તરીકે એક ખાડો જેની અંદર પાણી ભરાયેલું છે. તે જોવું ગમતું નથી કારણ કે તે વહેતું નથી. પરંતુ જો પાણી વહેતુ હોય તો તેને જોવાની માણવાની મજા આવે છે. તે વહેતા પાણીને નીતનવું કહેવાય કારણ કે જુનું પાણી વહેવા માંડે અને નવું પાણી ઉમેરાતું જાય તેજ રીતે કલા ફક્ત એક જ બીબામાં રહે ત્યારે તે લલિતકલા નથી પરંતુ દિવસે-દિવસે ઋતુ,સમાજ,સંસ્કૃતિ તથા સમયની સાથે કલામાં પરિવર્તન આવે ત્યારે તે નીતનવી કલા અર્થાત્ લલિત કલા કહેવામાં આવે છે. અર્થાત્ કે જે કલા સમયની સાથે સાથે આગવી વિશિષ્ટતાઓ તથા પારંપારિક નિયમોના પાલન સાથે પોતાનું સૌંદર્ય જાળવીને પોતાની એક વિશિષ્ટ ઉપજ ઉભી કરી સમાજ,દેશ,સંસ્કૃતિ તથા જે તે પ્રદેશનીઆગવી ઓળખ સાથે પ્રસ્તુત થાય તેને નીતનવી કલા-લલિતકલા કહેવામાં આવે છે.

જે કલા મુખ્યત્વે પાંચ પ્રકારની છે.

૧). સંગીત કલા.

૨). ચિત્રકલા.

૩). કવિતા.

૪). મૂર્તિકલા.

૫). વાસ્તુકલા.

આ પાંચ કલાઓમાં સંગીત કલાને સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. કારણ કે સંગીત સિવાયની બાકીની ચાર કલાઓમાં કૃત્રિમ પદાર્થોનો ઉપયોગ કરવો પડે છે, જ્યારે સંગીત કલા માનવશરીરના કંઠ સ્થિત છે. અને સંગીત દ્વારા ઈશ્વર પ્રાપ્તિ થઈ શકે છે. તેથી તે બ્રહ્મ છે. સંગીત કલા શા માટે સર્વશ્રેષ્ઠ છે. તેની ચર્ચા પ્રકરણ - ૨ માં કરવામાં આવે છે.

## પાદટીપ

| | |
|---|---|
| ૧.ક.સા. | પૃ.-૧૭ |
| ૨.ભા.સં.એ.મ. | પૃ.-૧૭ |
| ૩.રૂ.ક. | પૃ.-૨૦૦,૧૯૧,૨૮૭,૧૩૦,૧૪૦ |
| ૪.હિ.સં.શા. | પૃ.-૪ |
| ૫.રૂ.ક. | પૃ.૧૪૭,૧૭૪,૧૪,૯૩,૯૪ |
| ૬.રૂ.ક. | પૃ. ૯૭,૧૨૪,૧૨૭ |
| ૭.ફૂલછાબ પૂર્તિ સૌરભ-૨ | |
| ૮.ભગવદ્ગોમંડલ | પૃ.૨૦૩૫ |

# સંદર્ભ ગ્રંથ સુચિ


| પુસ્તક | લેખક | પુસ્તક નું ટુંકુ નામ |
|---|---|---|
| કલા ઔર સાહિત્ય | ગોવર્ધન શર્મા | ક.સા. |
| ભારતીય સંગીત એવમ્ મનોવિજ્ઞાન | વસુધા કુલકર્ણી | |
| ભા.સં.એ.મ. | | |
| રૂપપ્રદ કલા | માર્કંડ ભટ્ટ | રૂ.ક. |
| હિન્દુસ્તાની સંગીત શાસ્ત્ર | ભગવતીશરણ શર્મા | હિ.સં.શા. |
| ભગવદ્ગોમંડલ | ભગવતસિંહજી | |
| ફૂલછાબ સમાચારપત્ર રાજકોટ (તા. ૩જુલાઈ ૧૯૯૪ રવીવારની ફૂલછાબપૂર્તિ સૌરભ-૨, લેખનું નામ 'રંગ રૂપ અને રચના') | પ્રતાપસિંહ જાડેજા | |